ત્વરિત જાહેરાત માટે

# સિટી ઓફ્ બ્રૅમ્પટનનાં COVID-19 સામેના આરોગ્ય અને સલામતીના પગલાં

બ્રૅમ્પટન, ઓન્ટારિયો (11 માર્ચ 2020) – સિટી ઓફ્ બ્રૅમ્પટન પીલ પબ્લિક હેલ્થ અને અન્ય સમુદાય અને GTHA ભાગીદારો સાથે મળીને લેવાના સાવચેતીના પગલાં પર કામ કરી રહ્યા છે જેથી COVID-19 (કોરોનાવાયરસ)થી નિવાસીઓને રક્ષણ આપી શકાય અને તેને ફેલાતો રોકી શકાય.

COVID-19 ને કારણે શ્વાસોચ્છ્વાસની માંદગી થાય છે અને તે એક વ્યક્તિથી અન્ય વ્યક્તિમાં ફેલાઇ શકે છે. લક્ષણો હળવાથી લઈને ગંભીર હોય છે અને સામાન્યપણે તાવ, ઉધરસ અને શ્વાસ ચઢવાની તકલીફ્નો સમાવેશ થાય છે.

કોઈપણ માંદગીમાં હોય તે જ રીતે જો બિમાર હોવ તો લોકોએ ઘરે રહેવાની સલાહ છે અને કોઇ અન્ય બિમાર વ્યક્તિના સંપર્કમાં આવવાનું ટાળવું. મહેરબાની કરીને નિયમિતપણે હાથ ધોતા રહેશો અને ઉધરસ તેમજ છીંકને ઢાંકશો.

સિટી પીલ પબ્લિક હેલ્થની સલાહ અને સૂચનાને અનુસરે છે. હાલમાં પીલ ખાતે જોખમ ઓછું હોવા છતાં, સીટી ઓફ્ બ્રૅમ્પટન આપણા સમાજના આરોગ્યના રક્ષણ માટે નીચેના પગલાં લઈ રહ્યા છે:

- **બ્રૅમ્પ્ટન ટ્રાન્ઝિટ** – બસોમાં, સવલતોમાં અને ટર્મિનલોમાં કઠણ સપાટીઓ અને બેઠકોને જંતુમુક્ત કરવાના અને સાફ્ કરવાના આવર્તનમાં વધારો.
- **ઈવેન્ટ્સ/પ્રોગ્રામિંગ** – સિટીના યજમાનપદેથી થશે તે પ્રોગ્રામિંગ સમયપત્રક પ્રમાણે જ થશે. બાહ્ય ઈવેન્ટ પાર્ટનરોના આરોગ્ય અને સુખાકારીના પ્રોટોકોલ અલગ હોય તેમ બને, અને પરિણામે ઈવેન્ટ્સ રદ કરવામાં આવી શકે.
- **સવલતો** – સવલતો અને જાહેર કાઉન્ટરોની સફાઇ અને જંતુમુક્ત કરવાના આવર્તનમાં વધારો શૌચાલયોમાં હન્ડવૉશિંગ એટલેકે હાથ ધોવાના સૂચના ફલકો મુકવામાં આવ્યા છે, અને તમામ સવલતોના પ્રવેશદ્વારો પર તેમજ શૌચાલયોમાં હેન્ડ-સૅનિટાઇઝિંગ એટલેકે હાથને જંતુમુક્ત કરવાના સ્ટેશનો ઉભા કરાયા છે.

સિટી ઓફ્ બ્રૅમ્પટન પાસે નાગરિકોને રોજિંદી અને કટોકટી સેવાઓ પહોંચાડવા માટે સિટીના તમામ વિભાગોને ટેકો આપતો વ્યાપક બિઝનેસ કન્ટિન્યુઈટી પ્લાન છે. બ્રૅમ્પટન ફાયર એન્ડ ઈમર્જન્સી સર્વિસિસ દ્વારા સિટીના હિસ્સાધારકો, ઓન્ટારિયો ફાયર માર્શલ અને ઈમર્જન્સી સર્વિસિસ પાર્ટનરો સાથે વ્યવહાર કરવા માટે એક આંતરિક ટીમની રચના કરવામાં આવી છે જેથી COVID-19 સામે તૈયારી કરીને તેના પ્રભાવને ઘટાડી શકાય.

COVID-19 પર અદ્યતન કરેલ માહિતી માટે અહીં મુલાકાત લો www.peelregion.ca/coronavirus અને @RegionofPeelને ફોલો કરો.

**વધુ જાણકારી**

- પીલ પબ્લિક હેલ્થ – નૉવેલ કોરોનાવાયરસ (COVID-19)
- પ્રોવિન્સ ઓફ ઓન્ટારિયો: આરોગ્ય મંત્રાલય – નૉવેલ કોરોનાવાયરસ (COVID-19)
- ગવર્મેન્ટ ઓફ કેનેડા – કોરોનાવાયરસ (COVID-19) અપડેટ
- વર્લ્ડ હેલ્થ ઓર્ગનાઈઝેશન – કોરોનાવાયરસ (COVID-19) અપડેટ

-30-

**મિડિયા સંપર્ક :**
મોનિકા દુગ્ગલ
કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી એંગેજમેન્ટ
વ્યૂહાત્મક સંવાદ
સીટી ઓફ બ્રેમ્પટન
905-874-3426 | Monika.Duggal@brampton.ca